**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા.૧/૮/૨૦૧૫ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૫૪૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૦ કેસ કરી ૪૯ વ્યક્તિઓને ઝડપી, ૩૨૭ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી ૪૬ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧,૩૪,૯૪૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૪૫/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૫૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૫૪૬/૧૫**

**ખોખરા :** મોહનભાઇ રામચરણ તમોલી (રહે.શનાશેઠની ચાલી, હાટકેશ્વર સર્કલની બાજુમાં, ખોખરા) એ તા.૩૧/૭/૧૫ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૬/૮/૨૦૧૩ રાતનાં ૧૧/૩૦ થી તા.૭/૮/૨૦૧૩ સવારનાં ૬/૦૦ વાગ્યા દરમ્યાન શકદાર આરોપી (૧) નિલેશ ઉર્ફે સોનુ રાજુભાઇ (રહે.ઘાટલોડીયા) (૨) ભયલુ ગોપાલભાઇ મરાઠી (૩) રાજુભાઇ મરાઠી (બંને રહે. શનાશેઠની ચાલી, ખોખરા) એ ભેગામળી મોહનભાઇનાં દિકરા વિજય ઉર્ફે વિક્કી (ઉ.વ.૧૯) નું મૃત્યુ નિપજાવ્યુ હતુ. આ ગુનાની તપાસ મ.પો.કમિ.શ્રી “આઇ” ડીવીઝન ચલાવે છે.

**બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૫૪૭/૧૫**

**ચાંદખેડા :** ચાંદખેડા વિસ્તારમાં રહેતી ૨૦ વર્ષની યુવતીએ તા.૩૧/૭/૧૫ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને ૨૦૧૨ ની શરૂઆત થી દિવાળી સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી સાવન ખીમજીભાઇ જાડેજા (છારા) (રહે.ગામઃ તેલાવ, ઇન્દીરાનગર, સાણંદ રોડ, તા.સાણંદ, જી.અમદાવાદ) એ યુવતીને લગ્ન કરવાની લાલચ આપી, અવાર-નવાર હોટલ કુમ-કુમ અને હોટલ જોન્ટ સફારીમાં લઇ જઇ, યુવતીની મરજી વિરૂધ્ધ બળજબરીથી શરીર સબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.કે.બાંગા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૫૪૮/૧૫**

**શહેરકોટડા :** નીશાબહેન ડો/ઓ ચંદ્રકાંતભાઇ સોલંકી (ઉ.વ.૧૭) (રહે.છનાજી રઘાજીના છાપરાં, વકીલની ચાલી, નિર્મળપુરા ચાર રસ્તા પાસે, અનિલ મીલ રોડ) ને ઘર નજીક રહેતો આરોપી વિજય શકરાભાઇ ઠાકોર (ઉ.વ.૨૮) તા.૨૮/૭/૧૫ નાં કલાક ૩/૦૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે ઘર નજીકથી લગ્ન કરવાની લાલચ આપી, ભગાડી લઈ ગયો છે.આ અંગેની ફરીયાદ નીશાબહેનનાં પિતા ચંદ્રકાંતભાઇ સોલંકીએ તા.૩૧/૭/૧૫ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ મ.પો.કમિ.શ્રી "ડી" ડીવીઝન ચલાવે છે.

**મણીનગરઃ** હેમીબહેન સોમાભાઇ સોલંકી (રહે.સ્લમ ક્વાટર્સની સામે, મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૭/૧૫ નાં કલાક ૧૦/૦૦ થી ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન મણીનગર એલ.જી.કોર્નર, પુનિતમાર્ગ ખાતે આવેલ સરસ્વતી હાઇસ્કુલ ખાતેથી પોતાની પુત્રી સ્વેતા ઉર્ફે સિમરન (ઉ.વ.૧૫) ને આરોપી દિપક દત્તાત્રેય ભામરે (ઉત્તમનગર રેવાભાઇ શંકરભાઇની ચાલી, સ્લમ ક્વૉટર્સની સામે, મણીનગર) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ ગુનાની તપાસ મ.પો.કમિ.શ્રી "જે" ડીવીઝન ચલાવે છે.

**છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૧૫૪૯/૧૫**

**ઇસનપુર :** અશોકકુમાર લાદુરામ સ્વામી (રહે.પુષ્પ ટેનામેન્ટ, મોની હોટલનાં ખાંચામાં, વટવા, ઇસનપુર) એ તા.૩૧/૭/૧૫ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૪/૧૫ સવારનાં ૯/૦૦ થી તા.૧૬/૪/૧૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) અંકીત પારેખ (રહે.ગામ બાજવા, તા.સીંગરોલી, મધ્યપ્રદેશ) અને તેનાં બે સાગરીતોએ અશોકકુમાર ને વિશ્વાસમાં લઇ, પોતાની ટ્રકો નહીં હોવા છતાં ફોન ઉપર "માલ ભરવા સારૂ ટ્રકો મોકલી આપી છે" તેમ કહી ભાડાનાં એડવાન્સ નાણાં ૪,૦૦,૦૦૦/- આરોપીનાં બેંક એકાઉન્ટમાં ભરાવડાવી, ટ્રકો નહીં મોકલી, અશોકકુમાર સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.ડી.પંચાલ ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૫૦/૧૫**

**કાગડાપીઠ :** નિમીષાબહેન અશ્વીનભાઇ મોદી (રહે.કોમલ એન્કલેવ, પી.ટી.કોલેજ રોડ, શાંતિવન સોસાયટી, પાલડી) તા.૩૦/૭/૧૫ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે કાંકરીયા ટેલીફોન એક્સચેન્જ સામે, બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ નજીકથી પોતાના પતિ સાથે એક્ટીવા ઉપર બેસી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષનાં આશરાનાં) નિમીષાબહેનનાં ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ નિમીષાબહેન મોદીએ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જી.એમ.મકવાણા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ઘરફોડ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૫૧/૧૫</u>**

**વટવા :** ધનંજયસિંગ રામચંદ્રસિંગ સિંગ (રહે, સ્વામીનારાયણ પાર્ક, વિભાગ-૨, લાંભા સર્કલ પાસે, નારોલ) એ તા.૩૧/૭/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૭/૧૫ સવારનાં ૯/૦૦ થી સાંજનાં ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાની સ્ટોપર તોડી અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, મકાનમાંથી સોના-ચાંદીનાં દાગીના કિંમત રૂપિયા ૪૪,૫૦૦/- મતાનાં ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એસ.પટેલ ચલાવે છે.

**<u>વાહનચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૫૨/૧૫</u>**

**સોલા હાઇકોર્ટ :** ભાવેશભાઈ ચંદ્રકાંતભાઈ શાહ રહે.રત્નજ્યોત કોમ્પલેક્ષ વિભાગ-૧, રામવાડી, નિર્ણયનગર) એ તા.૨૯/૬/૧૫ ના કલાક ૬/૦૦ વાગે ગોતા રેલવે બ્રીજ નીચે પોતાની બોલેરો ગાડી નંબર જીજે.૦૧.એ.ટી.૨૮૭૬ કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૩૦/૬/૧૫ નાં કલાક ૯/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ ભાવેશભાઇ શાહે તા.૩૧/૭/૧૫ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એ.ગોહીલ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૫૩/૧૫</u>**

**શાહપુર :** હરેશભાઇ કનૈયાલાલ શાહ (ઉ.વ.૪૦)(રહે.સાંકળી શેરી, શાહપુર દરવાજાનો ખાંચો, શાહપુર) એ આશરે બે માસ પહેલાં પોતાની પત્ની, બે બાળકો સાથે સાબરમતી નદીમાં પડી આત્મહત્યા કરી મરણ ગયેલ હોઇ, હરેશભાઇને મનમાં લાગી આવતાં તા.૩૧/૭/૧૫ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે પોતાના ઘરે, ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.જી.ગુર્જર ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)